જેનેટીક એન્જિનિયરીંગ માનવીય શરીરમાં રહેલા ડી.એન.એ. અને કોષની વર્તણૂકને કૃત્રિમ પધ્ધતિથી અભ્યાસ કરવામાં એન્જિનિયરને મદદ કરે છે.એન્જિનિયરોએ વિવિધ પ્રકારની કામગીરી કરવાની રહે છે જેવી કે, સજીવમાંથી ડીએનએ કાઢવો, તેના બંધારણમાં આવેલા ફેરફારોનો અભ્યાસ કરીને તેને ફરીથી સજીવમાં મૂકવો, અથવા અન્ય સજીવમાં પ્રત્યારોપણ કરવું.જેનેટીક અને જેનેટીક એન્જિનિયરીંગ સંશોધન આધારીત ક્ષેત્ર છે જેનો ઉપયોગ વિવિધ શાખાઓ જેવી કે મેડિસીન, ફાર્માસ્યુટિકલ્સ એગ્રિકલ્ચર અને પર્યાવરણમાં થાય છે.જેનેટીક એન્જિનિયરને લાગુ પડતા ક્ષેત્રો નીચે મુજબ છે.

**મેડિસીન:** બાયોટેકનોલોજીસ્ટ દ્વારા આ ક્ષેત્રમાં કરવામાં આવેલા સીમાચિન્હરૂપ કાર્યને કારણે નિદાનની પધ્ધતિ, દવાઓ અને વિવિધ રસીઓ જેવી કે, હીપેટાઇટીસ-બી, એઇડ્સ, સ્મોલ પોક્સ તેમજ અન્ય ઘાતક રોગોમાં ખૂબ જ સુધારો કરી શકાયો છે.જેનેટીક એન્જિનિયરીંગની મદદથી વિવિધ પ્રકારની ફાર્માસ્યુટિકલ પ્રોડક્ટ બનવા લાગી છે.અગાઉ વારસાગત બિમારીઓ અસાધ્ય ગણાતી હતી, પરંતુ હવે જેનેટીક એન્જિનિયરીંગ દ્વારા નિર્મિત પ્રોડક્ટ વડે તે સાધ્ય બનવા લાગી છે.

**ખેતી અને પશુપાલન:** જેનેટીક એન્જિનિયરીંગ વનસ્પતિ અને પ્રાણીઓમાં રહેલી કુદરતી લાક્ષણિકતાઓમાં સુધારો લાવવાની સાથે રોગચાળા સામે અથવા ક્ષતિ અટકે તે માટે પ્રતિકારક શક્તિ વધારવા તથા નવી લાક્ષણિકતાઓ વિકસાવવા વગેરે માટે મહત્વની પૂરવાર થાય છે.ખૂબ ઊંચી ઉત્પાદકતા ધરાવતા વિવિધ પ્રકારના બિયારણો અથવા ટૂંકાગાળામાં લઇ શકાય તેવા પાક અથવા જમીનમાં ભેજ જાળવી રાખવા અથવા રોગચાળો અને જીવાતોથી રક્ષણ કરવા અથવા એવા પાકો કે જે સુકા-અર્ધ સુકા વિસ્તારો માટે માફક આવતા હોય તે તથા અન્ય ખાદ્યાન્ન કે જે GM (Genetically Modified) તરીકે ઓળખાય છે તે બધુ જેનેટીક એન્જિનિયરીંગની ઉપજ છે.જેનેટીકલી અન્જિનિયરીંગની મદદથી વિકસાવવામાં આવેલા એનિમલ ગ્રોથ હોર્મોન્સથી પ્રાણીઓમાં ઊંચી ઉત્પાદકતા મેળવી શકાઇ છે તથા પ્રાણીજન્ય પેદાશોની ગુણવત્તા પણ સુધરી છે.જેનેટીકલ એન્જિનિયરીંગના સંખ્યાબંધ પ્રયોગો થકી હવે ખૂબ ઊંચી ઉત્પાદકતા આપતા પ્રાણીઓની સંકર જાતીઓ અસ્તિત્વમાં આવી છે, જેના કારણે ડેરી પેદાશો અને માંસના ઉત્પાદનમાં પણ નોંધપાત્ર વૃધ્ધિ જોવા મળી છે.આ સિધ્ધિને કારણે આજે ભારત દૂધ ઉત્પાદક તરીકે સમગ્ર વિશ્વમાં પ્રથમ સ્થાન ધરાવે છે.

**પર્યાવરણ :** ઉદ્યોગો દ્વારા ફેલાવવામાં આવતા હવાનાં પ્રદૂષણ,ઠાલવવામાં આવતો કચરો અને દૂષિત પાણીના શુધ્ધિકરણ પણ મહત્વના મુદ્દા છે કે જેની સાથે જેનેટીક એન્જિનિયર્સ સંકળાયેલા છે.જેનેટીક એન્જિનિયર્સ એ બાબતની ચકાસણી કરે છે કે આપણે જે હવામાંથી શ્વાસ લઇએ છીએ, જે પાણીનો પીવા માટે ઉપયોગ કરીએ છીએ તથા જમીન કે જેની ઉપર આપણે વસવાટ કરીએ છીએ તેની ઉપર બાયોલોજીકલ, ફિઝિકલ કે કેમિકલથી દૂષિત થવાના કારણે કેવી અસરો થઇ શકે છે.જેનેટીક એન્જિનિયર્સ ભયજનક આડપેદાશોના વેસ્ટ મેનેજમેન્ટનો અભ્યાસ કરીને તેના જોખમનું વિશ્લેષણ કરી તેની અગ્રતાના આધારે તેની પ્રક્રિયા, તેને મેનેજ કરવાની પધ્ધતિ નિર્ધારીત કરે છે.દરિયામાં ઓઇલ લીકેજ તથા ઝેરી કચરાના નિષ્પાદનના કિસ્સાઓમાં તેની માઇક્રોબાયલ ટ્રીટમેન્ટની રીત પણ ચકાસે છે.

**યોગ્યતા:** આ ક્ષેત્રમાં બી.ઇ./બી.ટેક.ની ડિગ્રી માટે ધોરણ-૧૨ ફિઝિક્સ, કેમિસ્ટ્રી, બાયોલોજી અને મેથ્સ. સાથે પાસ કરેલું હોવું જોઇએ.જેનેટીક એન્જિનિયરીંગ એ બાયોટેકનોલોજીની જ એક સ્પેશ્યલાઇઝ શાખા હોવાથી વિદ્યાર્થીએ તેઓના બાયોટેકનોલોજીના અંડરગ્રેજ્યુએટ ડિગ્રી કોર્સ વખતે જેનેટીક્સ અથવા જેનેટીક એન્જિનિયરીંગમાં સ્પેશ્યલાઇઝેશન કરવાનું રહે છે.

એક ક્વોલીફાઇડ જેનેટીક એન્જિનિયર જેનેટીક અથવા તેને સબંધીત ક્ષેત્રો જેવા કે બાયોટેકનોલોજી, મોલેક્યુલર બાયોલોજી, માઇક્રોબાયોલોજીમાં સ્નાતક/અનુસ્નાતકની ડિગ્રી ધરાવતા હોવા જોઇએ અથવા પીએચ.ડી.થયેલાં હોવા જોઇએ.જેનેટીકસનો અભ્યાસ મોટાભાગે જીવવિજ્ઞાન ઉપર કેન્દ્રિત હોય છે.અથવા જેનેટીક એન્જિનિયરીંગ ટેકનોલોજી ક્ષેત્રો જેવા કે એમ.એસસી.

## (કેરિયર ઓપ્શન)

અથવા એમ.ટેક.જેવા માસ્ટર કક્ષાના અભ્યાસક્રમો તથા ત્યારબાદ પીએચ.ડી.કક્ષાના સંશોધન સાથે સંકળાયેલા હોય છે.

મોટાભાગની સંસ્થાઓ દ્વારા જેનેટીક એન્જિનિયરીંગમાં સ્પેશ્યલ શાખા તરીકેના કોર્સ ઓફર કરવામાં આવતા નથી.પરંતુ બાયોટેકનોલોજી, માઇક્રોબાયોલોજી, બાયોકેમિસ્ટ્રી શાખામાં એક ગૌણ વિષય તરીકે ઓફર કરે છે.બાયોટેકનોલોજીમાં અંડરગ્રેજ્યુએટ અને પી.જી.કોર્સમાં જેનેટીક એન્જિનિયરીંગમાં સ્પેશ્યલાઇઝેશન કરી શકાય છે.

બી.ઇ./બી.ટેક.માં પસંદગી માટે મેરિટનો આધાર લેવામાં આવે છે.ધોરણ-૧૨ની પરીક્ષામાં મેળવેલા ગુણ અને પ્રવેશ પરીક્ષાના આધારે પ્રવેશ મળે છે.આઇઆઇટીમાં પ્રવેશ JEE (Join Entrance Exam) ના આધારે તથા અન્ય સંસ્થાઓમાં તેઓની પોતાની પ્રવેશ કસોટીઓ અને અન્ય રાજ્ય/રાષ્ટ્રિય સ્તરની પરીક્ષાઓના આધારે પ્રવેશ આપવામાં આવે છે.વિવિધ યુનિવર્સિટીઓમાં ચાલતા એમ.એસસી./એમ.ટેક.માં પસંદગી માટે જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી-નવી દિલ્હી દ્વારા આયોજીત ઓલ ઇન્ડિયા કમ્બાઇન્ડ એન્ટ્રન્સ એક્ઝામ., આઇઆઇટીમાં ઉપલબ્ધ બે વર્ષ/૪ સેમેસ્ટર વાળા એમ.ટેક.ના કોર્સમાં પ્રવેશ GATE ના સ્કોરના આધારે તથા પાંચ વર્ષના બાયોમેડિકલ એન્જિનિયરીંગ અને બાયોટેકનોલોજીના ઇન્ટિગ્રેટેડ એમ.ટેક.કોર્સમાં JEE ના સ્કોરના આધારે પ્રવેશ આપવામાં આવે છે.

**કૌશલ્યની આવશ્યકતા:** જેનેટીક એન્જિનિયર તરીકે સફળ થવા માટે નીચે દર્શાવ્યા મુજબની કૌશલ્યતાની જરૂર રહે છે.

- ♦તીવ્ર વિશ્લેષણાત્મક બુધ્ધિ
- ♦સંશોધન માટેનું વલણ
- ♦ઉચ્ચ કક્ષાની એકાગ્રતા
- ♦પૂર્ણતા ઉપર ધ્યાન
- ♦સાંપ્રત કલ્પનાઓ
- ♦ કલાકો સુધી કામ કરી શકવા માટેની શારીરિક સમર્થતા
- ♦ કાર્યસમૂહમાં કામ કરી શકવાની ક્ષમતા

**સંભાવનાઓ/તકો:** બાયોટેકનોલોજી અને જેનેટીક્સ સાથે આંતરસબંધીત ક્ષેત્રોમાં જરૂરી ક્ષમતા, રસ ધરાવનાર માટે ભારત અને વિદેશોમાં વિકાસની સંભાવનાઓ ઝડપથી વધી રહી છે.જેનેટીક એન્જિનિયરીંગ સાયન્ટિસ્ટ અને સંશોધકો માટે યુનિવર્સિટીઓની રિસર્ચ લેબોરેટરી અને વિવિધ સંશોધન સંસ્થાઓમાં નોકરીની તકો ઉપલબ્ધ છે.બાયોટેક ઇન્ડસ્ટ્રીઝના આર એન્ડ ડી વિભાગમાં પણ કારકિર્દીની વિપુલ તકો રહેલી છે.જેનેટીક એન્જિનિયર નીચે જણાવ્યાનુસાર ક્ષેત્રોમાં રોજગારી મેળવી શકે છે.

- ♦ ફાર્માસ્યુટીકલ એન્ડ મેડિકલ ઇન્ડસ્ટ્રીઝ
- ♦ એગ્રિકલ્ચર ઇન્ડસ્ટ્રીઝ
- ♦ FMCG કંપનીઓ
- ♦ ફૂડ પ્રોસેસીંગ કંપનીઓ અને બાયોપ્રોસેસ ટેકનોલોજી સાથે સબંધીત ક્ષેત્રમાં
- ♦ બાયો-એગ્રિકલ્ચર(ટ્રાન્સજેનીક વેરાઇટીઝ, બાયો-ફર્ટિલાઇઝર્સ, બાયો-પેસ્ટીસાઇડ્સ)
- ♦ સરકારી અને ખાનગી સેકટરના આર એન્ડ ડી વિભાગોમાં
- ♦ શિક્ષણ અને શૈક્ષણિક સંસ્થાઓમાં
- ♦ સંશોધનના ક્ષેત્રે

રોગચાળા નિયંત્રણ, પ્રદૂષણ નિયંત્રણ, વેસ્ટ મેનેજમેન્ટ અને ઉત્પાદકતા વધારવા માટેની વિવિધ રસાયણિક પ્રક્રિયાઓ જેવા મુદ્દાઓ સાથે સંકળાયેલા પ્રશ્નો અંગે વ્યવસ્થિત સંશોધન અને વિકાસ અભ્યાસ માટે સરકારી અથવા ખાનગી સંગઠનો દ્વારા જેનેટીસ્ટની નિમણૂક કરવામાં આવે છે.સંશોધન સંસ્થાઓ જેવી કે CSIR (Council for Scientific and Industrial Research), ICAR(Indian Council for Cellular & Molecular Biology, Institute of Microbial Technology, Central for Plant Biotechnology, Central Drug Research Institute, National Institute of Nutrition,Tata Institute of Fundamental Research, National Centre for Biology Sciences, Potato Research Institute, Tobacco Research Institute જેવી સંસ્થાઓમાં માસ્ટર ડિગ્રીની લાયકાત ધરાવતા જેનેટીક એન્જિનિયરની નિમણૂક કરવામાં આવે છે. જેનેટીક એન્જિનિયરીંગ ખૂબ જ સંશોધનો સાથે સંકળાયેલું ક્ષેત્ર હોવાથી આ ફિલ્ડમાં પીએચ.ડી.કર્યુ હોય તેઓ માટે ઉચ્ચ કારકિર્દીના પગથિયાં ચઢવા આસાન બની જાય છે.પીએચ.ડી.થનારાઓ માટે ત્યારબાદ તાલીમના ભાગરૂપે યુનિવર્સિટીમાં પ્રોફેસર તરીકે અથવા ઇન્ડસ્ટ્રીમાં રિસર્ચ સાયન્ટિસ્ટ તરીકે જોડાવવાની તક મળે છે. તેથી જો તમે સંશોધન કરવા માંગતા હોવ અને એવું ફળ પેદા કરવા માંગતા હોવ કે જે હીપેટાઇટીસ-બીની સલામત, અસરકારક અને બિન ખર્ચાળ રસી માટે, અથવા વિટામીનથી ભરપૂર એવા વિશિષ્ટ ચોખા કે જે ભારતમાં જન્મતા નવજાત શીશુઓને રોગથી રક્ષણ આપે તો જેનેટીક એન્જિનિયરીંગ તમારા માટે શ્રેષ્ઠ પસંદગી બની શકે છે.જેનેટીક એન્જિનિયરીંગ એ માત્ર વિજ્ઞાનની રસપ્રદ વાર્તા નથી, પરંતુ આજનું સૌથી મોટું ક્રાંતિકારી અને ખૂબ જ ઉપયોગી એવું વિજ્ઞાન છે.

**સંસ્થાઓ:** ભારતમાં માત્ર જૂજ યુનિવર્સિટીઓમાં જ જેનેટીકએન્જિનિયરને લગતા કોર્સ મળી શકે છે.જે નીચે મુજબ છે.

- ♦ SRM યુનિવર્સિટી (બી.ટેક., એમ.ટેક. અને પીએચ.ડી.ઇન જેનેટીક એન્જિનિયરીંગ)
- ♦ ભારત યુનિવર્સિટી, ચેન્નાઇ(એમ.ટેક.ઇન જેનેટીક એન્જિનિયરીંગ)
- ♦ આર્યભટ્ટ નોલેજ યુનિવર્સિટી, પટના (બી.ટેક. અને એમ.ટેક.ઇન જેનેટીક એન્જિનિયરીંગ)
- ♦ મદુરાઇ કામરાજ યુનિવર્સિટી, મદુરાઇ, તમિલનાડુ
- ♦ આર.એમ.ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી, ચેન્નાઇ
- ♦ વી.પટેલ કોલેજ ઓફ એન્જિનિયરીંગ, ખેરવા, ગુજરાત
- ♦ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યુટ ઓફ સાયન્સ, બેંગ્લોર

ગુજરાતમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં એમ.એસસી.(બાયોટેકનોલોજી)નો પાંચ વર્ષનો ઇન્ટિગ્રેટેડ કોર્સ ઉપલબ્ધ છે.સેલ્ફ ફાયનાન્સ પ્રકારના આ કોર્સમાં આગળ એમ.ફીલ.અને પીએચ.ડી.પણ કરી શકાય છે.આ કોર્સની વિશેષતા એ છે કે જો માત્ર સ્નાતક ડિગ્રી મેળવવી હોય તો બી.એસસી.પણ કરી શકાય છે.બેઠકોની સંખ્યા ૬૦ છે.સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભવિદ્યાનગરમાં પણ એમ.એસસી.(બાયોકેમિસ્ટ્રી/માઇક્રોબાયોલોજી/બાયોટેકનોલોજી/ઇન્ડસ્ટ્રીયલ બાયોટેકનોલોજી)નો કોર્સ મળી શકેછે. કેટલીક સરકારી એજન્સીઓમાં જેનેટીક એન્જિનિયર્સની નિમણૂક કરવામાં આવે છે. જે આ પ્રકારે છે.

- ♦ નેશનલ ઇન્સ્ટિટ્યુટ ઓફ ઇમ્યુનોલોજી, નવી દિલ્હી
- ♦ સેન્ટર ફોર ડીએનએ ફિંગરપ્રિન્ટ્સ અને ડાયગ્નોસ્ટીક્સ, હૈદરાબાદ
- ♦ બાયોકેમિકલ એન્જિનિયરીંગ રિસર્ચ એન્ડ પ્રોસેસ ડેવલોપમેન્ટ સેન્ટર, ચંડીગઢ
- ♦ ઇન્સ્ટિટ્યુટ ઓફ જેનોમીક એન્ડ ઇન્ટીગ્રેટીવ બાયોલોજી, નવી દિલ્હી

(સ્ત્રોત: એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ) **સંકલન: જીગનેશ ચુનારા**

●

## અન્ય જાહેરખબર

- **સાઉથ-વેસ્ટર્ન રેલવે : હુબલી**
  **જગ્યાનું નામ** : સ્કાઉટ ગાઇડ ક્વોટામાં ગ્રુપ-સી, ડીની ભરતી
  **જગ્યાની સંખ્યા** : ૦૯
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : ૬-૩-૧૭
  **વેબ સાઈટ** : www.rrchubli.in
- **જવાહરલાલ નહેરૂ યુનિવર્સિટી : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : પ્રોફેસર, એસોસિએટ પ્રોફેસર, આસિ.પ્રોફેસર
  **જગ્યાની સંખ્યા** : ૯૮
  **ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : તા.૧૪-૩-૧૭
  **વેબ સાઈટ** : www.jnu.ac.in
- **ઇરકોન ઇન્ટરનેશનલ લિમિટેડ : નવી દિલ્હી**
  **જગ્યાનું નામ** : ડેપ્યુટી જનરલ મેનેજર, મેનેજર(સિવિલ), એક્ઝિક્યુટીવ ટ્રેઇની, જુનિ.એન્જિનિયર(સિગ્નલ એન્ડ ટેલિકોમ્યુનિકેશન), એડિશનલ જનરલ મેનેજર, જોઇન્ટ જનરલ મેનેજર, ડેપ્યુટી મેનેજર, આસિ.મેનેજર(એચ.આર.), ડેપ્યુટી જનરલ મેનેજર, જુનિ.એન્જિનિયર(ઇલેક્ટ્રિકલ)
  **જગ્યાની સંખ્યા** : ૩૦
  **ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : તા.૨૭-૨-૧૭
  **વેબ સાઈટ** : www.ircon.org
- **ઇન્ડિયન મેરીટાઇમ યુનિવર્સિટી :ચેન્નાઇ**
  **જગ્યાનું નામ** : આસિ.પ્રોફેસર(મેથ્સ.)
  **જગ્યાની સંખ્યા** : ૦૫
  **ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : તા.૮-૩-૧૭
  **વેબ સાઈટ** : www.imu.ac.in
- **કેન્ટોનમેન્ટ બોર્ડ : દેહુ રોડ, પુણે**
  **જગ્યાનું નામ** : જુનિ.એન્જિનિયર, સ્ટેનોગ્રાફર, લેબ ટેકનિશીયન, સ્ટાફ નર્સ, સબ ઓવરશીયર, સર્વેયર, સેનેટરી ઇન્સ્પેક્ટર, કમ્પાઉન્ડર કમ કલાર્ક, આરએમઓ
  **જગ્યાની સંખ્યા** : ૦૯
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : તા.૬-૩-૨૦૧૭
  **વેબ સાઈટ**: www.cbdehuroad.org
- **ઇન્ડિયન ઓર્ડેનન્સ ફેક્ટરીઝ : મેડક (તેલંગાણા)**
  **જગ્યાનું નામ** : ગ્રુપ 'સી'માં ઇલેક્ટ્રિશીયન, ઇલેક્ટ્રોપ્લેટર, ફીટર(ઇલે., ઇલેક્ટ્રોનિક્સ, જનરલ), એક્ઝામિનર ફીટર, ફીટર, ગ્રાઇન્ડર, મશીનિસ્ટ, એક્ઝામિનર મશીનિસ્ટ, મીલરાઇટ, મોલ્ડર, પેઇન્ટર, ટર્નર, એક્ઝામિનર ટર્નર, વેલ્ડર, એક્ઝામિનર વેલ્ડર
  **ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : તા.૧૦-૩-૧૭
  **વેબ સાઈટ**: www.ofmedak.gov.in
- **ઇન્ડિયન મેરીટાઇમ યુનિવર્સિટી : ચેન્નાઇ**
  **જગ્યાનું નામ** : આસિ.રજિસ્ટ્રાર(ફિનાન્સ), પ્રઇવેટ સેક્રેટરી, આસિ.(ફિનાન્સ), આસિસ્ટન્ટ
  **જગ્યાની સંખ્યા** : ૩૧
  **ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : તા.૮-૩-૨૦૧૭
  **વેબ સાઈટ** : www.imu.ac.in
- **પાલમિલ્ટ ઓફ ઇન્ડિયા(જોઇન્ટ રિક્રૂટમેન્ટ સેલ)**
  **જગ્યાનું નામ** : પાર્લામેન્ટરી ઇંટરપ્રિટેટર ગ્રેડ-૨(અંગ્રેજી, હિન્દી, ડોગરી, કાશ્મીરી, કોંકણી, સંથાવી, સીંધી)
  **જગ્યાની સંખ્યા** : ૮
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : તા.૧૫-૩-૨૦૧૭
  **વેબ સાઈટ**: www.caomod.gov.in
- **કમાન્ડન્ટ ૧૫ફિલ્ડ એમ્યુનિશન ડિપોટ પીનઃ૯૦૯૭૧૫, સી/ઓ ૫૬ એ.પી.ઓ.**
  **જગ્યાનું નામ** : ફાયરમેન, ટેલિ.ઓપરેટર, ટ્રેડસમેન(મેટ), સફાઇવાળા, સિવિલીયન મોટર ડ્રાઇવર, એલ.ડી.સી., મટીરીયલ આસિ.
  **જગ્યાની સંખ્યા** : ૨૦૧
  **અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : તા.૧૧-૨-૧૭થી ૨૧ દિવસ
  **વેબ સાઈટ**: www.indianarmy.nic.in

(એમ્પ્લોયમેન્ટ ન્યૂઝ,તા.૧૧-૨-૨૦૧૭)

- **ઓ.એન.જી.સી.(વેસ્ટર્ન ઓફશોર યુનીટ): મુંબઇ**
  **જગ્યાનું નામ** : આસિ.ટેકનિશીયન(બોઇલર), મરીન રેડિયો આસિ.ગ્રેડ-૩, જુનિ.આસિ.(સ્ટેનો-અંગ્રેજી), આસિ.ટેકનીશીયન(ઇન્સ્ટ્રુમેન્ટેશન), જુનિ.આસિ.(મટીરીયલ મેનેજમેન્ટ), જુનિ.સ્લીન્જર કમ રીજર, જુનિ.આસિ.ઓપરેટર(હેવી ઇક્વિપમેન્ટ), જુનિ.રાઉસ્ટઅબાઉટ
  **જગ્યાની સંખ્યા** : ૮૫
  **ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ** : તા.૧૫-૩-૨૦૧૭
  **વેબ સાઈટ** : www.ongcindia.com

# ૨૦૧૭ના આધુનિક કોર્સિસ : ૧

**રોજગારની આસપાસ**
**રાજેન્દ્ર ઉપાધ્યાય**

કારકિર્દીલક્ષી અનેક અભ્યાસક્રમોમાં કેટલાંક અભ્યાસક્રમો એવરગ્રીન હોય છે.આવા અભ્યાસક્રમોનું મહત્વ જુદી-જુદી પરિસ્થિતિઓમાં પણ એકસરખું જળવાઇ રહે છે.જ્યારે કેટલાક અભ્યાસક્રમોનું મહત્વ જુદી-જુદી પરિસ્થિતિઓને કારણે વધતું હોય છે.જ્યારે અમુક અભ્યાસક્રમો તો કેટલીક પરિસ્થિતિઓને કારણે જ ઉદભવે છે.પ્રસ્તુત લેખમાં ઇ.સ.૨૦૧૭ના વર્ષની પરિસ્થિતિઓને કારણે જે અભ્યાસક્રમોનું મહત્વ વધવાનું છે, તેમજ અગામી વર્ષોમાં પણ જે અભ્યાસક્રમોનું મહત્વ એકધારું એવરગ્રીન જળવાવાનું છે તેવા અભ્યાસક્રમોની વિગતો મેળવી લઇએ.

**કમ્પ્યુટર-આઇ.ટી.ફિલ્ડના અભ્યાસક્રમો:**

**૧.બીગ ડેટા કોર્સિસ :** ફેસબુક, વોટસઅપ, ટવીટર જેવા સોશ્યલ નેટવર્કીંગના અબજો યુઝર્સના ડેટાને બીગ ડેટા કહી શકાય.માત્ર એક જ વ્યક્તિનો ડેટા ધરાવતો સ્માર્ટ ફોન બગડી જાય તો પણ કેટલી તકલીફ પડે છે.તો વિચારો આવા બીગ ડેટાને મેનેજ કરવા માટે કેટલા બધા ટેકનિકલ એક્સપર્ટની જરૂર પડે ? અને આ કેટલું અગત્યનું કાર્ય ગણી શકાય ? ઘણાં ખાનગી સેક્ટર્સમાં ઘણી વિશાળ સંખ્યામાં બીગ ડેટા જોવા મળે છે.આવા ડેટા સબંધીત કાર્યો માટે ઘણી રોજગારીની તકો વર્તમાન ૨૦૧૭માં ઉદભવવાની શક્યતા રહેલી છે.વળી, આવી રોજગારીની તકો ભવિષ્યમાં પણ સતત વૃધ્ધિ પામતી રહેવાની તેમજ તેનું મહત્વ સતત જળવાતું રહેવાની શક્યતાનો અંદાજ નિષ્ણાતો મુકે છે.ઇ-ગર્વન્નસમાં તો ૧૩૦ ભારતીય નાગરિકોનો બીગ ડેટા રહેલો હોય છે.

પરંતુ આવા બીગ ડેટા અંગેના કોર્સિસ કેટલા સમયગાળાના હોય છે તેમજ તેની ફી કેટલી હોઇ શકે ? આવા અભ્યાસક્રમો ક્યાંથી કરી શકાય ? જેવા કારકિર્દી વિષયક પ્રશ્નોની હારમાળા સર્જાય ખરૂં ને ?

તો સાંભળો કમ્પ્યુટર/આઇ.ટી.ના વિષયોમાં બી.ટેક. અથવા બી.ઇ.નો અભ્યાસક્રમ કરનારા વિદ્યાર્થીઓને તો તેમના અભ્યાસક્રમમાં અભ્યાસક્રમના એક ભાગરૂપે છેલ્લા વર્ષમાં કે છેલ્લા સેમેસ્ટરમાં બીગ ડેટા સબંધીત શિક્ષણ લેવાનું જ હોય છે.

પરંતુ જે વિદ્યાર્થીઓ કમ્પ્યુટર કે આઇ.ટી.ના વિષયોમાં બી.ઇ. કે બી.ટેક.ભણ્યા નથી અથવા ભણવા નથી માંગતા તેવા વિદ્યાર્થીઓએ શું કરવું જોઇએ ? આવા વિદ્યાર્થીઓએ બીગ ડેટા શીખવા માટે સર્ટિફિકેટ કોર્સિસ કરવા જોઇએ.આવા સર્ટિફિકેટ કોર્સિસની મુદત ૩ થી ૬ માસની હોય છે.આવા કોર્સિસની ફી આશરે રૂ.૪૫,૦૦૦ની આસપાસની હોય છે.આવા કોર્સિસનું ફિઝિકલ માર્કેટ ઓછું જોવા મળે છે.મોટેભાગે તે વર્ચ્યુઅલ સેટ-અપ ધરાવતા હોય છે.આથી તેઓ ઓનલાઇન ઉપલબ્ધ હોય છે.

**૨.ડેટા એનાલિસ્ટ કોર્સિસઃ** બીગ ડેટા એકત્રીત કરી તેની જાળવણી કરવી એ અગત્યનું છે.પરંતુ આ બીગ ડેટાનું યોગ્ય રીતે વિશ્લેષણ કરવામાં આવે તો તેનું મહત્વ વધી જાય છે.

આમ તો બીગ ડેટાનું એનાલિસીસ કરવાનું કાર્ય બીગ ડેટા અભ્યાસક્રમનો જ પૂરક ભાગ ગણી શકાય.બીગ ડેટા એ ટેકનિકલ ભાગ સૂચવે છે.જ્યારે આ બીગ ડેટાનું એનાલિસીસ એ મેનેજરીયલ ભાગ સૂચવે છે.

કોર્પોરેટ સેકટર તેમના બીગ ડેટાનું એનાલિસીસ કરીને તેને આધારે પોતાની વ્યૂહરચના (સ્ટ્રેટેજી/ગેમ પ્લાન) તૈયાર કરે છે.ઉદાહરણ તરીકે કોઇ મોટા શોપીંગ મોલના દૈનિક ડેટાનું એનાલિસીસ કરીને તેના પરથી દૈનિક રિપોર્ટ તૈયાર થઇ શકે, જેના પરથી સેલ્સ સ્ટ્રેટેજી(વેચાણની વ્યૂહ રચના) બની શકે.જેમકે અમુક રકમની ખરીદી સુધી અમુક ટકાવારીમાં વળતર. જ્યારે અમુકથી વધુ રકમની ખરીદી કરવા બદલ અમુક ટકાવારીમાં વળતર ઉપરાંત અમુક પ્રકારની ચીજ-વસ્તુ કે સેવા (જે પ્રમાણમાં ઓછી વેચાતી હોય)ની ખરીદી પર વિશેષ વળતર અથવા વેચાણવૃધ્ધિ અંગે '૨૦ ટકા વધુ' અથવા 'ઉની ખરીદી પર ૧ મફત' વગેરે.આમ, બીગ ડેટાનું વિશ્લેષણ કરવાથી નીતિ વિષયક નિર્ણયો પણ લઇ શકાય છે.

ડેટા એનાલિસ્ટ કોર્સિસ પણ ઓન-લાઇન ઉપલબ્ધ હોય છે.આવા અભ્યાસક્રમની મુદત ૩ થી ૬ માસની જોવા મળે છે.મહદઅંશે આવા કોર્સિસની ફી રૂ.૫૦,૦૦૦ થી ૧,૦૦,૦૦૦ની હોય છે.જો કે ફોરેન એજ્યુકેશન સર્વિસ પ્રોવાઇડર દ્વારા આવો કોર્સ કરવામાં આવે, તો આવા અભ્યાસક્રમની ફી અમેરિકન ડોલરમાં ચૂકવવી પડે, જો કે તેની ભારતીય ચલણમાં ગણતરી કરીએ તો પણ તેની ફી આશરે આટલી જ થાય.

જે વિદ્યાર્થી મિત્રોને ટેકનિકલ ક્ષેત્રને બદલે મેનેજરીયલ ક્ષેત્રમાં વધુ રસ હોય, તેઓ આવો અભ્યાસક્રમ પસંદ કરી શકે.ખાસ કરીને એમ.બી.એ.જેવી મેનેજમેન્ટ ક્ષેત્રની ડિગ્રી ધરાવનારાઓને આવો અભ્યાસક્રમ વધુ ઉપયોગી થઇ શકે.વળી, જો ટેકનિકલ ક્ષેત્રના વિદ્યાર્થીઓ આવો અભ્યાસક્રમ કરે, તો તેના માટે સોનામાં સુગંધ ભળે, જેવી પરિસ્થિતિ સર્જાઇ શકે.

**૩.સાયબર ફોરેન્સિક અને ઇન્વેસ્ટીગેશનના કોર્સિસઃ** જેમ જેમ દુનિયા ડિજીટલ વિશ્વમાં પરિવર્તીત થઇ રહી છે, તેમ તેમ વ્યવહારો વધુને વધુ સરળ થવા લાગ્યા છે.પરંતુ સાથોસાથ સાયબર એટેક વધવાની શક્યતાઓને કારણે પોલીસ, કાયદાનું ક્ષેત્ર તેમજ એથિકલ હેકર્સ અને સાયબર એક્સપર્ટને વધુને વધુ સક્ષમ બનવું પડે છે.આવા સમયે સાયબર ફોરેન્સિક અને ઇન્વેસ્ટીગેશનના કોર્સિસ ઉપયોગી થઇ શકે છે.

અત્યારના યુગમાં સાયબર ફોરેન્સિક અને ઇન્વેસ્ટીગેશનનું ક્ષેત્ર હજુ બાલ્યાવસ્થામાં છે.પરંતુ ક્રમશઃ વિકાસ પામતા અગામી દસકા સુધીમાં તે સારી એવી સંખ્યામાં સારા પેકેજવાળી રોજગારી પૂરી પાડતું ક્ષેત્ર બની રહેશે, તેવો નિષ્ણાતોનો અંદાજ છે.

સાયબર ગુન્હાનું સાયન્ટિફિક ઇન્વેસ્ટીગેશન કરીને તેના પુરાવા કોર્ટમાં રજૂ કરવામાં આ અભ્યાસક્રમ ઉપયોગી સાબીત થાય છે.સાયબર ક્ષેત્રમાં સિક્યોરીટી કોર્સિસ અને ઇન્વેસ્ટીગેશન કોર્સિસમાં મૂળભૂત તફાવત રહેલો છે.

સાયબર સિક્યોરીટી કોર્સિસ સાયબર ગુન્હા થતાં રોકવા અંગેની સલામતી પૂરી પાડે છે.જ્યારે સાયબર ફોરેન્સિકસ એન્ડ ઇન્વેસ્ટીગેશન સાયબર ગુન્હાઓ થઇ ગયા બાદ તેનો ઉપચાર/સારવાર પૂરી પાડે છે,આમ સાયબર સિક્યોરીટીનું કાર્ય સાયબર ગુન્હાઓ થાય તે પહેલાનું છે.જ્યારે સાયબર ફોરેન્સિકસ એન્ડ ઇન્વેસ્ટીગેશનું કામ સાયબર ગુન્હાઓ થઇ ગયા બાદનું છે.

આવા અભ્યાસક્રમ શીખવા માટે ના બે વિકલ્પો છે.પ્રથમ વિકલ્પમાં સાયબર ફોરેન્સિકસ એન્ડ ઇન્વેસ્ટીગેશનના વિષયોમાં એમ.ટેક.અથવા એમ.એસસી.(આઇ.ટી.) જેવા એચએસસી પછીના ૫ વર્ષ અથવા ગ્રેજ્યુએશન બાદના ૨ વર્ષના અભ્યાસક્રમો કે જે લાબાંગાળાના કહી શકાય તે કરવા.જેની ફી સેમેસ્ટર દીઠ રૂ.૩૦,૦૦૦થી રૂ.૫૦,૦૦૦ની હોઇ શકે.જ્યારે બીજા વિકલ્પમાં આ પ્રકારનો અભ્યાસક્રમ સર્ટિફિકેટ સ્વરૂપે કરવાનો છે.સર્ટિફિકેટ કોર્સિસની ફી અંદાજીત રૂ.૧૦,૦૦૦ થી રૂ.૨૦,૦૦૦ની હોઇ શકે.

કેટલીકવાર વિદ્યાર્થીઓ લાંબાગાળાનો, ખર્ચાળ કોર્સ કરતાં પહેલા ટૂંકાગાળાનો સર્ટિફિકેટ કોર્સ કરે છે.જો તેમાં તેઓને અનુકૂળતા લાગે , તો ત્યારબાદ લાંબા સમયગાળાનો કોર્સ કરે છે.વળી, આવા પ્રકારના અભ્યાસક્રમમાં ડિગ્રીરૂપી જ્ઞાનને બદલે અનુભવરૂપી સમજણ વધુ ઉપયોગી સાબીત થાય છે.આગામી વર્ષોમાં આવા અભ્યાસક્રમો વધુને વધુ કોલેજો, ઇન્સ્ટિટ્યુટ્સ, યુનિવર્સિટીઓ દ્વારા ચલાવાય તેવી શક્યતાઓ રહેલી છે.હાલમાં, રક્ષાશક્તિ યુનિવર્સિટી દ્વારા આવો લાંબાગાળાનો અભ્યાસક્રમ ચલાવવામાં આવે છે.

**૪.આઇ.ઓ.ટી.(ઇન્ટરનેટ ઓફ થીંગ્સ) કોર્સિસઃ** અગાઉ વિદેશી વિકસીત દેશોની ફિલ્મોમાં જે દર્શાવાતુ હતુ, તે હવે ભારત જેવા વિકાસશીલ દેશોમાં પણ વાસ્તવમાં શક્ય બનવા લાગ્યું છે.મોબાઇલ ફોનમાં અમુક એપ્લિકેશન્સ(એપ્સ) ડાઉનલોડ કરી હોય, તો તેના ઉપયોગ દ્વારા ઓફિસમાં બેઠાં બેઠાં કે ઘરની બહારથી ઘરમાંના એરકંડીશન, ફ્રીઝ, ટી.વી., ઓવન, વોશીંગ મશીનને ઓપરેટ કરી શકાય છે.જે એક આર્ટિફીશીયલ ઇન્ટેલિજન્સી (કૃત્રિમ બૌધ્ધિકતા) ગણી શકાય.

પરંતુ ઉપરોક્ત વિગતો જો ઘડિયાળ, ચશ્મા, રીંગ વગેરેમાં મૂકવામાં આવે અને જો તેને ઇન્ટરનેટની મદદથી ઓપરેટ કરવામાં આવે તો તે આઇ.ઓ.ટી.બને.જો કે હવે વૈજ્ઞાનિકો તો આઇ.ઓ.ટી.માં ટી બરાબર થિંગ્સ(વસ્તુ)ને બદલે ટી બરાબર થોટ્સ(વિચારો)મૂકવાની હિમાયત કરે છે.જે મુજબ હવે માનવીના વિચારો મુજબ કાર્ય થઇ શકશે.સમજો ને કે માનવશરીર ખુદ એક ગેઝેટ બની જશે.

જો કે હાલના આઇ.ઓ.ટી.માં પણ ઘણી રોજગારીની તકો રહેલી છે.આઇ.ઓ.ટી.કોર્સિસની સૌથી વધુ મહત્વની બાબત એ છે કે અહીં હાર્ડવેર તેમજ સોફ્ટવેર એમ બંને પ્રકારના કાર્યક્ષેત્ર (ફિલ્ડ)માં એક્સપર્ટની ડિમાન્ડ એક સરખી રહેવાની શક્યતા રહેલી છે.

**રોજગારી ટી-૨૦:** આ ૨૦૧૭ના નવા વર્ષમાં GSTનું અમલીકરણ થવાને કારણે કેટલાંક નિષ્ણાતોના મતે એકાઉન્ટીંગ ક્ષેત્રના કોર્સિસ જેવાં કે C.A., C.S., C.M.A.(જુનું ICWA)નું મહત્વ વધે તેવો અંદાજ રહેલો છે.

અનુસંધાન પાન નં. ૮ ઉપરનું ચાલુ..

કે ગ્રેડ દર્શાવેલ હશે તો તેવા અરજીપત્રકો અમાન્ય ઠેરવવામાં આવશે.

- સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨-૫-૧૯૯૭ના ઠરાવમાં કરવામાં આવેલી જોગવાઇ મુજબ વિધવા મહિલા ઉમેદવારોને પસંદગીમાં અગ્રતા આપવા માટે ભરતીના તમામ તબક્કે એટલે કે શૈક્ષણિક લાયકાતના મેળવેલ મેરિટ માર્કસમાં તેમજ લેખિત પરીક્ષામાં પાસ થવા માટે મીનીમમ માર્કસ મેળવી ઉર્તિણ જાહેર થયેલ ઉમેદવારોએ મેળવેલ માર્કસના પાંચ ટકા ગુણ ઉમેરી પસંદગીમાં અગ્રીમતા આપવામાં આવશે.પરંતુ તેઓએ નિમણૂક સમયે પુનઃ લગ્ન કરેલ ન હોવા જોઇએ.ઉપરાંત નિગમ માંગે ત્યારે તેના તમામ પુરાવા નિગમને અસલમાં રજુ કરવાના રહેશે.
- સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫-૫-૨૦૧૨ના ઠરાવ મુજબ જે ઉમેદવારોએ ધોરણ-૮ પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઇ.ટી.આઇ.)નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા ધરાવતો કોર્સ કરેલો હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી.)ની પરીક્ષા પાસ કરેલ હોય તથા તેઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત ઓપન સ્કૂલ એકઝામિનેશનની ગુજરાતી તેમજ અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલી હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૦ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે.
- સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૫-૫-૨૦૧૨ના ઠરાવ મુજબ જે ઉમેદવારોએ ધોરણ-૧૦ પાસ કર્યા પછી ઔદ્યોગિક તાલીમ સંસ્થા (આઇ.ટી.આઇ.)નો બે વર્ષ કે તેથી વધુ સમયગાળાનો માન્યતા ધરાવતો કોર્સ કરેલો હોય અને તે માટેની નેશનલ કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (એન.સી.વી.ટી.) અથવા ગુજરાત કાઉન્સિલ ફોર વોકેશનલ ટ્રેનિંગ (જી.સી.વી.ટી.)ની પરીક્ષા પાસ કરેલ હોય તથા તેઓએ પોતાની પસંદગી અનુસાર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની ધોરણ-૧૨ની અથવા ગુજરાત ઓપન સ્કૂલ એકઝામિનેશનની અંગ્રેજી વિષયની પરીક્ષા પાસ કરેલી હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૨ની શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે.
- જે ઉમેદવારોએ ધોરણ-૧૦ પછી પોલિટેકનિકમાં ૩ વર્ષનો ડિપ્લોમા કોર્સ કરેલ હોય તો તેવા ઉમેદવારોને સરકારી નોકરીના હેતુ માટે ધોરણ-૧૨ની લાયકાત ધરાવતા હોવાના ગણવામાં આવશે.
- આ સિવાયની કોઇપણ સમકક્ષ શૈક્ષણિક લાયકાત ધ્યાને લેવામાં આવશે નહીં.
- કન્ડકટર કક્ષા માટે ૧૦૦ ગુણની ઓ.એમ.આર. આધારિત હેતુલક્ષી લેખિત પરીક્ષા લેવામાં આવશે. આ લેખિત પરીક્ષા માટે શૈક્ષણિક લાયકાત/વધારાની લાયકાત કુલ-૭૦ ગુણના ના વેઈટેજના મેરીટગુણ મુજબ ૧ જગ્યા સામે ૧૫ ઉમેદવારોના પ્રમાણમાં ઉમેદવારોને બોલાવવામાં આવશે.
- ૧૦૦ ગુણની હેતુલક્ષી લેખિત પરીક્ષામાં પાસ થવા માટે દરેક કેટેગરીના ઉમેદવારોએ ઓછામાં ઓછા ૪૦ ગુણ મેળવવાના રહેશે.
- સીધી ભરતીની ભરવાપાત્ર જગ્યાઓ ઉપરાંત નિયમાનુસાર બનાવવામાં આવનાર પ્રતિક્ષાયદી (વેઈટીંગ લીસ્ટ) પ્રસિધ્ધ થયા તારીખથી એક વર્ષ અથવા આ કક્ષાની ભરતી પ્રક્રિયા માટે હવે પછીની પહેલી જાહેરાત પ્રસિધ્ધ થાય તે તારીખના આગળના દિવસના કચેરી સમય સુધી એ બેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી જ અમલમાં રહેશે.આ સમયમર્યાદા પૂરી થતાં પ્રતિક્ષાયાદી આપો આપ રદ થયેલ ગણાશે.

- ❑ **અન્ય સૂચનાઓ :**

- ઉમેદવાર અરજી કર્યેથી નિમણૂક મેળવે તે સમયગાળા દરમ્યાન તેઓને કોઇપણ સક્ષમ કોર્ટ દ્વારા ગુન્હેગાર ઠરાવેલ હોય અથવા તેમની સામે કોઈપણ પોલીસ ઓથોરીટી અથવા ફોજદારી કોર્ટ સમક્ષ કેસ / ફરીયાદ પડતર હશે તો તેવા કોઇપણ કેસમાં સજા થયેલ હશે તો તેવા ઉમેદવારોના અરજીપત્રક વિચારણામાં લેવામાં આવશે નહી. જો આવા ઉમેદવાર દ્વારા આવી માહિતી છુપાવીને પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે તેમજ આવા કેસ/ફરિયાદ અન્વયે તેઓ બાદમાં નિર્દોષ પૂરવાર થાય તો પણ તેઓ નિમણૂક માટે દાવો કરી શકશે નહીં.
- ઉમેદવાર જો ગુ.રા.મા.વા.વ્ય.નિગમ સરકારી કે અર્ધ સરકારી

અનુસંધાન પાન નં. ૨ ઉપર

અનુસંધાન પાન નં. ૪ ઉપરનું ચાલુ.... UPSC

duties that may be assigned by the authorities from time to time. **ANY OTHER CONDITIONS:** The other conditions of service will be laid down in the CHS Rules, 2014, and other rules in force from time to time in particular; (i) Private practice of any kind whatsoever shall not be allowed including any consultation and laboratory practice. (ii) The candidate selected will, if so required shall be liable to serve in any Defence service or post connected with the Defence of India, for a period not less than four years including the period spent in training, if any : Provided that such officer shall not (a) be required to serve as aforesaid after the expiry of ten years from the date of appointment or from the date of joining the service, (b) Ordinarily be required to serve as aforesaid after attaining the age of 45 years. **HQ:** Anywhere in India.

**05. (Vacancy No. 17020305111) Forty Two Medical Officers, Directorate of Health Service, Andaman and Nicobar Administration, (SC-16, ST-01, OBC-24,UR-01).** Of the forty-two posts, two posts are reserved and suitable for Physically Challenged Persons with disability viz. Orthopaedically Handicapped / Locomotor Disability/ Cerebral Palsy with One Leg Affected (Right or Left) **(OL) or** One arm affected (Right or Left)**(OA).** The posts are permanent. **PAY SCALE:** Level-9, Rs 56,100-1,67800/- (Revised) (Pay Band-2) Rs 15,600-39,100/- + GP -5400/- + NPA (Pre revised) + TA + HRA as admissible. General Central Service, Group 'A', Gazetted, Non-Ministerial. **AGE : 30 Years. QUALIFICATIONS: EDUCATIONAL: ESSENTIAL** : (i) A recognized Medical qualification included in the First or the Second Schedule or Part-II of the Third Schedule (other than licentiate qualifications) to the Indian Medical Council Act, 1956. **NOTE:** Holders of educational qualifications included in Part-II of the Third Schedule should also fulfill the conditions stipulated in sub-section (3) of section 13 of the Indian Medical Council Act, 1956. (ii) Should have Completed Compulsory rotating internship. **NOTE-1:** Candidates who may not have completed rotating internship shall also be eligible to apply for the post, provided that, if selected, they shall have to satisfactorily complete the compulsory internship before appointment. **DUTIES:** The Medical Officer will provide outpatient and inpatient care in the PHCs and Health Care Institutions of A&N Administration. They are responsible for implementation of all National Health Programmes and normal supervising and administrative function. **HQ:** Andaman & Nicobar Administration. However, they will be liable to serve anywhere in India. **Any Other Conditions:** The other conditions of service will be laid down in the Andaman & Nicobar Islands (Health Service) Rules, 2013, and other rules in force from time to time in particular; (i) Private Practice of any kind whatsoever shall not be allowed including any consultation and laboratory practice. (ii) The candidate selected will, if so required shall be liable to serve in any Defence service or post connected with the Defence of India, for a period not less than four years including the period spent in training, if any : Provided that such officer shall not (a) be required to serve as aforesaid after the expiry of ten years from the date of appointment or from the date of joining the service, (b) Ordinarily be required to serve as aforesaid after attaining the age of 45 years.

**IMPORTANT NOTE**

**Candidates applying for Forty Two Posts of Medical Officers, Directorate of Health Service, Andaman and Nicobar Administration (Vacancy No. 17020305111 at Sl. No. 5 above) are NOT required to upload the PDFs of documents as mentioned in para 6 (A) below alongwith their Online Applications. Further, candidates applying against the aforesaid post are also advised that they must mention higher qualification(s) and/or experience, if they possess, in their Online Applications.**

**IMPORTANT**

CLOSING DATE FOR SUBMISSION OF ONLINE RECRUITMENT APPLICATION (ORA) THROUGH ORA WEBSITE IS **23:59 HRS ON 02.03.2017.** THE LAST DATE FOR PRINTING OF COMPLETELY SUBMITTED ONLINE APPLICATION IS UPTO **23:59 HRS ON 03.03.2017.** DATE FOR DETERMINING THE ELIGIBILITY OF ALL CANDIDATES IN EVERY RESPECT SHALL BE THE PRESCRIBED CLOSING DATE FOR SUBMISISON OF ONLINE RECRUITMENT APPLICATION (ORA). **NOTES:**

a) Candidates are requested to apply only Online against this advertisement on the Online Recruitment Application (ORA) website http://www.upsconline.nic.in and NOT write to the Commission for Application forms. They are also requested to go through carefully the details of posts and instructions published below as well as on the website http://www.upsconline.nic.in.

b) The age limit shown against all items is the normal age limit and the age is relaxable for SC/ST candidates upto 5 years and upto 3 years for OBC candidates in respect of vacancies reserved for them. SC/ST/OBC Candidates have to produce a caste certificate in prescribed proforma. For age concession applicable to other categories of applicants please see relevant paras of the "Instructions and Additional Information to Candidates for Recruitment by Selection".

c) A candidate will be eligible to get the benefit of community reservation only in case the particular caste to which the candidates belong is included in the list of reserved communities issued by the Central Government. If a candidate indicates in his/her application form that he/she belongs to SC/ST/OBC/ General category but subsequently writes to the Commission to change his/her category, such request shall not be entertained by the Commission.

d) Physically Handicapped (PH) Persons or Persons with disabilities, as indicated against various item(s) in the VACANCY DETAILS, can apply to the respective posts even if the post is not reserved for them but has been identified as Suitable. However, such candidates will be considered for selection to such post by general standard of merit.

Persons suffering from not less than 40% of relevant disability shall alone be eligible for the benefit of reservation and other relaxations as permissible under the rules. Thus, Physically Handicapped (PH) persons can avail benefit of : i) Reservation and other Concessions & Relaxations as permissible under the rules only when degree of physical disability is 40% or more and the posts are reserved for PH candidates. ii) Other Concessions & Relaxations as permissible under the rules only when degree of physical disability is 40% or more and the posts are suitable for PH candidates.

iii) In regard to the Medical posts pertaining to the Ministry of Health & Family Welfare and Indicated at Item(s) **3 & 4** above, **the percentage of the disability/disabilities** for the posts identified as being suitable to be manned by persons with disability/ disabilities, **has been defined as not less than 40% and not more than 70%.** ●

# ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ

**મધ્યસ્થ કચેરી, મધ્યસ્થ યંત્રાલય કમ્પાઉન્ડ, નરોડા પાટીયા, અમદાવાદ.**

## કંડકટરની ૧૫૦૦ થી વધુ જગ્યાઓ માટે ભરતી

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા નીચે જણાવેલ જગ્યા માટે ઉમેદવારો પસંદ કરવા માટે ઓન લાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. આ માટે ઉમેદવાર http://ojas.gujarat.gov.in પર તારીખ ૪-૨-૨૦૧૭ થી તારીખ ૫-૩-૨૦૧૭ સુધી ઓનલાઈન અરજી કરી શકશે. ઉમેદવારે જેમાં Photo 10 KB અને Signature 10 KB સાઈઝથી વધારે નહિ તે રીતે jpg format માં scan કરી અરજીપત્રકમાં અપલોડ કરવાનો થશે.

- **કક્ષાનું નામ :** કંડક્ટર
- **કુલ જગ્યાઓ :** ૧૫૦૩
- **ફીક્સ પગાર :** પાંચ વર્ષ માટે રૂા. ૧૦,૦૦૦/-

| | કુલ જગ્યા | બિન અનામત | | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ . | | અનુ.જાતિ | | અ.જ.જા. | | કુલ જગ્યાઓ પૈકી |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | સામાન્ય | મહિલા | માજી સૈનિક |
| ફાળવણી | 1358 | 463 | 231 | 244 | 122 | 64 | 31 | 136 | 67 | 135 |
| અગાઉની ઘટ | 145 | 42 | 03 | 64 | 04 | 15 | 02 | 13 | 02 | 00 |
| કુલ જગ્યાઓ | 1503 | 505 | 234 | 308 | 126 | 79 | 33 | 149 | 69 | 135 |

નોંધ : ઉપરોક્ત જગ્યાઓ સીધી ભરતીની છે. આ ઉપરાંત સરકારશ્રીના તા. ૧૭-૧-૨૦૧૫ના ઠરાવ અન્વયે નિગમના પડતર આશ્રિત ઉમેદવારો માટે મંજુર થયેલ જગ્યાઓના ૩૩ ટકા જગ્યાઓ લેખે કુલ ૫૭૨ જગ્યાઓ અલગથી અનામત રાખવમાં આવેલ છે. સદર જગ્યાઓમાં નિયત કરેલ લાયકાત ધરાવતા પડતર આશ્રિત ઉમેદવારોથી ભરવામાં આવશે. સદર જગ્યાઓમાં નિયત કરેલ લાયકાત ધરાવતા આશ્રિત ઉમેદવારો મળવા પામશે નહિ તો તેટલી જગ્યાઓ અનામત / બિનઅનામત રેશિયો ધ્યાને લઈ યોગ્ય લાયકાત ધરાવતા સીધી ભરતીના ઉમેદવારોમાંથી ભરવા વિચારણા કરવામાં આવશે.

| | | |
|---|---|---|
| ૧ | વય મર્યાદા | ૧૮ થી ૩૫ વર્ષ |
| ૨ | શૈક્ષણિક લાયકાત | - એસ.એસ.સી. (ધોરણ-૧૦) પાસ<br>- પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી તરફથી મળેલ કંડક્ટર લાયસન્સ બેઝ હોવો જરૂરી છે.<br>- વેલીડ ફર્સ્ટ એઈડ સર્ટિફીકેટ.<br>- ઊંચાઈ ઓછામાં ઓછી ૧૬૦ સે.મી.<br>- અનુ. જનજાતિના કિસ્સામાં ૧૫૫ સે.મી.<br>- મહિલા ઉમેદવારો માટે ૧૫૨ સેમી.<br>- ઉંચાઈ નિગમ દ્વારા અધિકૃત થયેલ ઓટોમેટીક મશીન દ્વારા જ માપવામાં આવશે અને તે જ માન્ય ગણાશે. તે સિવાય ઉંચાઈ માટેના અન્ય કોઈ પ્રમાણપત્ર ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. |
| ૩ | વધારાની લાયકાત | - ધોરણ-૧૨ પાસ<br>- કોઈપણ માન્ય યુનિ.ના કોઈપણ વિદ્યાશાખાના સ્નાતક |

**ભરતીની પ્રક્રિયા (વેઇટેજની ગણતરી) :** (૭૦ ગુણમાંથી ફાળવણી)

- લઘુત્તમ લાયકાત માટે વેઈટેજ - ૪૦ ગુણ. એસ.એસ.સી. પાસ (મેળવેલ ટકાવારીના પ્રમાણસર)
- અગ્રતા માટે વેઈટેજ - ૩૦ ગુણ. ધોરણ-૧૨ પાસ (મેળવેલ ટકાવારીના પ્રમાણસર) - ૨૦ ગુણ, સ્નાતક - ૧૦ ગુણ.
- **નોંધ :-**
- જો ઉમેદવાર સ્નાતકની ડિગ્રી ધરાવતા હોય તો એસ.એસ.સી., એચ.એસ.સી. અને સ્નાતક માટેના ગુણની ફાળવણી અલગ અલગ કરવાની રહેશે.
- સ્નાતક પછીની ડીગ્રી અથવા ઉચ્ચ ડિગ્રી માટે વેઈટેજ મળવાપાત્ર થશે નહિ.
- લઘુત્તમ શૈક્ષણિક લાયકાત, અગ્રતાની લાયકાતના મળી કુલ ૭૦ ગુણ રહેશે.
- ૧૦૦ ગુણની O.M.R પધ્ધતિથી હેતુલક્ષી લેખિત પરીક્ષા રહેશે જેમાં ઉત્તિર્ણ થવા માટે ૪૦ કે તેથી વધુ ગુણ મેળવવાના રહેશે.
- શૈક્ષણિક લાયકાતના ૭૦ ગુણ મુજબ તથા O.M.R. પરીક્ષાના ૩૦ ગુણ મુજબ વેઈટેજ ગણી કેટેગરીવાઈઝ મેરિટ તૈયાર કરવામાં આવશે.
- લેખિત પરીક્ષા : O.M.R પધ્ધતિથી હેતુલક્ષી લેખિત પરીક્ષા : ૧૦૦ ગુણ

  ૧.સામાન્ય જ્ઞાન/ગુજરાતનો ઇતિહાસ/ભુગોળ/ગુજરાત અને ભારતના વર્તમાન બનાવો (ધોરણ--૧૦ કક્ષાનું) ૩૦ ગુણ
- ગુજરાતી વ્યાકરણ (ધોરણ-૧૦ કક્ષાનું) ૧૦ ગુણ
- અંગ્રેજી વ્યાકરણ (ધોરણ-૧૦ કક્ષાનું) ૧૦ ગુણ
- કવોન્ટીટેટીવ એપ્ટિટ્યુડ અને ટેસ્ટ ઓફ રીઝનીંગ (ધોરણ-૧૦ કક્ષાનું) ૧૦ ગુણ
- નિગમને લગતી માહિતી/ટીકીટ અને લગેજ ભાડાના ગાણિતીક પ્રશ્નો ૧૦ ગુણ
- મોટર વ્હીકલ એક્ટની પ્રાથમિક જાણકારીના પ્રશ્નો/પ્રાથમિક સારવાર અંગેના પ્રશ્નો /કંડકટરની ફરજો ૧૦ ગુણ
- કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના પ્રશ્નો ૨૦ ગુણ

**આવશ્યક સૂચનાઓ :**

- નિગમના અમદાવાદ, અમરેલી, ભરૂચ, ભાવનગર, ભુજ, જામનગર, જુનાગઢ, નડિયાદ, રાજકોટ, સુરત, વડોદરા અને વલસાડ વિભાગો ખાતેની જગ્યાઓ ભરવા માટે આ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. ઉમેદવારને આ વિભાગો પૈકી કોઈપણ વિભાગ ખાતે નિમણુંક આપવામાં આવશે અને તેઓ જે તે નિમણૂકના વિભાગની પસંદગી યાદીના ગણાશે. તેમજ તેઓએ નિમણૂકના વિભાગ ખાતે ઓછામાં ઓછી ૫ વર્ષ ફરજ બજાવવાની રહેશે અને ત્યાં સુધી અન્ય વિભાગ ખાતે બદલીને પાત્ર થશે નહિ. તેમ છતાં વહીવટી કારણોસર બદલી કરવાનો નિગમને અબાધિત અધિકાર રહેશે. ઉમેદવાર નિમણૂક સમયે આ સિવાય પોતાના વતનના અથવા અન્ય જીલ્લાના વિભાગમાં નિમણૂંક મેળવવા હકકદાવો કરી શકશે નહિ.(નિમણૂક થયેલ ઉમેદવારની પાંચ વર્ષની ફરજ દરમ્યાનની કામગીરી સંતોષકારક ન જણાયેથી/નિગમના ધારાધોરણ તથા નિમણૂકની શરતોનું પાલન કરતા ન હોવાનું જણાયેથી તેઓને ફરજ પરથી દૂર કરવામાં આવશે)
- પસંદગી પામનાર ઉમેદવારોને કંડક્ટર કક્ષામાં પાંચ વર્ષ માટે માસિક રૂ. ૧૦.૦૦૦/- ફીક્સ પગારથી કરાર આધારિત નિમણૂંક અપાશે. તે સિવાય અન્ય કોઈ ભથ્થા કે લાભો મળવાપાત્ર રહેશે નહિ. ત્યારબાદ પાંચ વર્ષની સેવાઓ સંતોષકારક રીતે પુરી થયેથી રૂ. ૪૪૪૦-૭૪૪૦ (ગ્રેડ પે-૧૪૦૦) ના પગાર ધોરણમાં નિયમિત નિમણૂક મેળવવા પાત્ર થશે.
- આ સીધી ભરતીની જાહેરાત અન્વયે નિગમના પડતર આશ્રિત ઉમેદવારો પણ નિયમો અને જોગવાઇઓ પરિપૂર્ણ કરતા હશે તો અરજી કરી શકશે અને તેઓ સીધી ભરતીના ઉમેદવાર ગણાશે.
- સરકારશ્રીના તા.૧૭-૫-૨૦૧૪ના ઠરાવ અન્વયે નિગમના પડતર આશ્રિત ઉમેદવારો માટે મંજુર થયેલ જગ્યાઓના ૩૩ ટકા જગ્યાઓ અનામત રાખવામાં આવશે.સદર જગ્યાઓમાં નિયત લાયકાત ધરાવતા ઉમેદવારો મળવા પામશે નહીં તો તે જગ્યાઓ યોગ્ય લાયકાત ધરાવતા અન્ય ઉમેદવારોથી ભરવામાં આવશે.
- તમામ ઉમેદવારોના કિસ્સામાં વયમર્યાદા (ઉંમર) તેમજ નોન ક્રિમીલીયર સર્ટિફીકેટ માટે અરજી કરવાની છેલ્લી તારીખ ધ્યાનમાં લેવામાં આવશે.
- શૈક્ષણિક લાયકાત, વધારાની શૈક્ષણિક લાયકાત, કંડકટર લાયસન્સ, બેઝ તથા વેલીડ ફર્સ્ટ એઈડ સર્ટિ. વગેરેના પ્રમાણપત્ર/માર્કશીટ અરજી પત્રક ભર્યા તારીખની સ્થિતિએ ધ્યાનમાં લેવામાં આવશે.
- અનામત જગ્યાઓ ફક્ત મૂળ ગુજરાતના જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.
- જાહેરાતમાં દર્શાવેલ અનામતની જગ્યાઓમાં રોસ્ટર નીતિ અને નિયત ટકાવારી અનુસાર ફેરફાર/ સુધારો કરવાનો હક્ક નિગમને અબાધિત રહેશે.
- અનુ. જાતિ, અનુ. જનજાતિ તથા સા.શૈ.પ. વર્ગના ઉમેદવારોને મહત્તમ વયમર્યાદામાં પાંચ વર્ષની છુટછાટ આપવામાં આવશે.
- મહત્તમ વયમર્યાદામાં બિનઅનામત વર્ગના મહિલા ઉમેદવારોને પાંચ વર્ષ, અનામત વર્ગના મહિલા ઉમેદવારોને ૧૦ વર્ષ (૫ વર્ષ મહિલા + ૫ વર્ષ અનામત) છુટછાટ આપવામાં આવશે.
- મહિલા માટેની અનામત જગ્યાઓ મુજબ મહિલા ઉમેદવારો ઉપલબ્ધ નહીં થાય તો આ જગ્યાઓ ઉપર જે તે કેટેગરીના પુરૂષ ઉમેદવારોને નિમણૂક આપી શકાશે.
- માજી સૈનિક સળંગ છ માસથી ઓછી નહી તેટલી ફરજ બજાવેલ હોય અને નોકરીમાંથી નિયમિત રીતે નિવૃત્ત થયા હોય તેવા માજી સૈનિકોએ તેમણે બજાવેલ ખરેખર ફરજનો સમયગાળો તેમની ઉંમરમાંથી બાદ કરતા મળતી ઉંમર ભરતી નિયમોમાં ઠરાવેલી ઉપલી વય મર્યાદાથી ત્રણ વર્ષ કરતા વધુ હોવી જોઈએ નહીં. પરંતુ કોઈ પણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.
- અનામત વર્ગના ઉમેદવારો જો બિનઅનામત તરીકે અરજી કરશે તો આવા ઉમેદવારોને અનામતનીતિ અંગેના કોઈ લાભ મળશે નહિ.
- અરજદારે ઓનલાઈન અરજીપત્રક ભરતી વખતે દર્શાવેલ કેટેગરી (જાતિ)માં પાછળથી કેટેગરી (જાતિ) બદલવા / ફેરફાર કરવા કોઈ રજુઆત કરશે તો તે ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ.
- સરકારશ્રીના પ્રવર્તમાન જોગવાઈ મુજબ અનામત કક્ષાના ઉમેદવારો બિન અનામત વર્ગના ઉમેદવારોની સાથે નિયત ધોરણો (અર્થાત વય મર્યાદા, અનુભવની લાયકાત, બિન અનામત વર્ગના ઉમેદવારો માટે અપનાવેલ હોય તેવા ધારાધોરણો)માં છુટછાટ લીધા સિવાય પોતાની ગુણવત્તાના આધારે પસંદગી પામે તો બિન અનામત જગ્યાની સામે ગણતરીમાં લેવાના થાય છે.
- સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૬-૨-૧૯૯૬ ના ઠરાવથી નિયત કરેલ પરિશિષ્ટ ''ક'' મુજબનું નોન ક્રીમીલીયર સર્ટીફીકેટ (સને ૨૦૧૫-૧૬ ના વર્ષને આવક ધ્યાને લઇને) તા.૧-૪-૨૦૧૬થી અરજી કરવાની છેલ્લી તારીખ ૫-૩-૨૦૧૭ દરમ્યાન મેળવેલ હશે તે જ માન્ય ગણવામાં આવશે. નોન ક્રિમીલીયર સર્ટિ. નો નંબર અને તારીખ ઓનલાઈન અરજીપત્રકમાં દર્શાવવાનો રહેશે. અન્યથા આવા ઉમેદવારોને સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગનો લાભ મળવાપાત્ર રહેશે નહિ.
- અરજદારે ઓનલાઇન અરજીપત્રક જ ભરવાનું રહેશે. અને તેની એક પ્રિન્ટઆઉટ મેળવીને પોતાની પાસે સાચવીને રાખવી.જ્યારે નિગમ દ્વારા અરજીપત્રક રજૂ કરવા જણાવવામાં આવે ત્યારે અચૂક લાવવાનું રહેશે.
- કોઇ પણ અરજીપત્રકો ટપાલ કે રૂબરૂમાં નિગમની કચેરી અથવા NIC સંસ્થાને મોકલવાના રહેશે નહિ. આવા મોકલી આપેલ અરજીપત્રકો દફતરે કરવામાં આવશે જેની કોઇ જાણ ઉમેદવારને કરવામાં આવશે નહિ.
- ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં કોઇપણ વિગત અસલ પ્રમાણપત્રો, ફોટોગ્રાફ સહિતની ખોટી એટલે કે બોગસ/જુદી/ અલગ બતાવેલ/છુપાવેલ હશે તો તેનું ઉમેદવારીપત્રક કોઇપણ તબક્કે રદ કરવામાં આવશે.તથા તેને લાયકી ધોરણ મેળવેલ હશે કે ઉમેદવાર પસંદગી પામેલ હશે તો પણ તેની ઉમેદવારી આપોઆપ રદ ગણાશે.
- જો ઉમેદવારે એકથી વધુ અરજીપત્રક ભરેલ હશે તો તેવા ઉમેદવારનું છેલ્લે ભરેલ અરજીપત્રક જ વિચારણામાં લેવામાં આવશે અને બાકીના અરજીપત્રકો આપોઆપ રદ થયેલા ગણાશે. જે અંગે ઉમેદવાર કોઈ તકરાર ઉપસ્થિત કરી શકશે નહિ.
- ઉમેદવારે ઓનલાઇન અરજીપત્રકમાં શૈક્ષણિક લાયકાતોમાં મેળવેલ ટકાવારી બે દશાંશ સુધી-(દા.ત.૫૦.૨૫ ટકા) દર્શાવવાની રહેશે.માર્કશીટમાં પર્સન્ટાઇલ કે ગ્રેડ દર્શાવેલ હોય તો તેને ટકાવારીમાં રૂપાંતરીત કરીને દર્શાવવાના રહેશે.
- ઓનલાઇન અરજીપત્રકમાં શૈક્ષણિક લાયકાતોના પર્સન્ટાઇલ

અનુસંધાન પાન નં. ૭ ઉપર

મુદ્રક, પ્રકાશક, માલિક : માહિતી નિયામક, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર દ્વારા પ્રકાશિત, વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર દ્વારા મુદ્રિત.